# ૮. શીલપ્રાભૃત

જ્ઞાન વિના (–સમ્યગ્જ્ઞાન વિના) જે કદી હોતું નથી એવા શીલનાં (–સત્શીલનાં) તત્ત્વજ્ઞાનગંભીર સુમધુર ગુણગાન આ પ્રાભૃતમાં જિનકથન અનુસાર ગાયાં છે.

[1]વિસ્તીર્ણલોચન, [2]રક્તકજકોમલ-સુપદ શ્રી વીરને
ત્રિવિધે કરીને વંદના, હું વર્ણવું શીલગુણને. ૧.

ન વિરોધ ભાખ્યો જ્ઞાનીઓએ શીલને ને જ્ઞાનને;
વિષયો કરે છે નષ્ટ કેવળ શીલવિરહિત જ્ઞાનને. ૨.

દુષ્કર જણાવું જ્ઞાનનું, પછી ભાવના દુષ્કર અરે!
વળી ભાવનાયુત જીવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૩.

જાણે ન આત્મા જ્ઞાનને, વર્તે વિષયવશ જ્યાં લગી;
નહિ [3]ક્ષપણ પૂરવકર્મનું કેવળ વિષયવૈરાગ્યથી. ૪.

જે જ્ઞાન ચરણવિહીન, ધારણ લિંગનું દગહીન જે,
તપચરણ જે સંયમસુવિરહિત, તે બધુંય [4]નિરર્થ છે. ૫.

જે જ્ઞાન ચરણવિશુદ્ધ, ધારણ લિંગનું [5]દગશુદ્ધ જે,
તપ જે [6]સસંયમ, તે ભલે થોડું, મહાફળયુક્ત છે. ૬.

નર કોઈ, જાણી જ્ઞાનને, આસક્ત રહી વિષયાદિકે,
ભટકે ચતુર્ગતિમાં અરે! વિષયે વિમોહિત મૂઢ એ. ૭.

---

૧. વિસ્તીર્ણલોચન = (૧) વિશાળ નેત્રવાળા; (૨) વિસ્તૃત દર્શનજ્ઞાનવાળા.

૨. રક્તકજકોમલ-સુપદ = લાલ કમળ જેવાં કોમળ જેમનાં સુપદ (સુંદર ચરણો અથવા રાગદ્વેષરહિત વચનો) છે એવા.

૩. ક્ષપણ = ક્ષય કરવો તે; નાશ કરવો તે. ૪. નિરર્થ = નિરર્થક; નિષ્ફળ.

૫. દગશુદ્ધ = સમ્યગ્દર્શન વડે શુદ્ધ. ૬. સસંયમ = સંયમ સહિત.

પણ વિષયમાંહિ વિરક્ત, જાણી જ્ઞાન, ભાવનયુક્ત જે,
નિઃશંક તે તપગુણસહિત છેદે ચતુર્ગતિભ્રમણને. ૮.

ધમતાં લવણ-ખડીલેપપૂર્વક કનક નિર્મળ થાય છે,
ત્યમ જીવ પણ સુવિશુદ્ધ [1]જ્ઞાનસલિલથી નિર્મળ બને. ૯.

જે જ્ઞાનથી ગર્વિત બની વિષયો મહીં રાચે જનો,
તે જ્ઞાનનો નહિ દોષ, દોષ કુપુરુષ મંદમતિ તણો. ૧૦.

સમ્યક્ત્વસંયુત જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રથી
ચારિત્રશુદ્ધ જીવો કરે ઉપલબ્ધિ [2]પરિનિર્વાણની. ૧૧.

જે શીલને રક્ષે, સુદર્શનશુદ્ધ, દૃઢચારિત્ર જે,
જે વિષયમાંહી [3]વિરક્તમન, નિશ્ચિત લહે નિર્વાણને. ૧૨.

છે [4]ઈષ્ટદર્શી માર્ગમાં, હો વિષયમાં મોહિત ભલે;
ઉન્માર્ગદર્શી જીવનું જે જ્ઞાન તેય નિરર્થ છે. ૧૩.

[5]દુર્મત-કુશાસ્ત્રપ્રશંસકો જાણે વિવિધ શાસ્ત્રો ભલે,
વ્રત-શીલ-જ્ઞાનવિહીન છે તેથી ન આરાધક ખરે. ૧૪.

હો રૂપશ્રીગર્વિત, ભલે લાવણ્યયૌવનકાન્તિ હો,
માનવજનમ છે નિષ્પ્રયોજન શીલગુણવર્જિત તણો. ૧૫.

વ્યાકરણ, છંદો, ન્યાય, વૈશેષિક, વ્યવહારાદિનાં
શાસ્ત્રો તણું હો જ્ઞાન તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૧૬.

રે! શીલગુણમંડિત ભવિકના દેવ વલ્લભ હોય છે;
લોકે કુશીલ જનો, ભલે શ્રુતપારગત હો, તુચ્છ છે. ૧૭.

---

૧. જ્ઞાનસલિલ = જ્ઞાનજળ; જ્ઞાનરૂપી નીર.
૨. પરિનિર્વાણ = મોક્ષ. ૩. વિરક્તમન = વિરક્ત મનવાળા.
૪. ઈષ્ટદર્શી = ઈષ્ટને દેખનાર; હિતને શ્રદ્ધનાર; સન્માર્ગની શ્રદ્ધાવાળા.
૫. દુર્મત = કુમત.

સૌથી ભલે હો [1]હીન, [2]રૂપવિરૂપ, યૌવનભ્રષ્ટ હો,
[3]માનુષ્ય તેનું છે [4]સુજીવિત, શીલ જેનું સુશીલ હો. ૧૮.

પ્રાણીદયા, દમ, સત્ય, બ્રહ્મ, અચૌર્ય ને સંતુષ્ટતા,
સમ્યક્ત્વ, જ્ઞાન, તપશ્ચરણ છે શીલના પરિવારમાં. ૧૯.

છે શીલ તે તપ શુદ્ધ, તે દ્રગશુદ્ધિ, જ્ઞાનવિશુદ્ધિ છે,
છે શીલ [5]અરિ વિષયો તણો ને શીલ [6]શિવસોપાન છે. ૨૦.

વિષ ઘોર જંગમ-સ્થાવરોનું નષ્ટ કરતું સર્વને,
પણ [7]વિષયલુબ્ધ તણું વિઘાતક વિષયવિષ અતિરૌદ્ર છે. ૨૧.

વિષવેદનાહત જીવ એક જ વાર પામે મરણને,
પણ વિષયવિષહત જીવ તો [8]સંસારકાંતારે ભમે. ૨૨.

બહુ વેદના નરકો વિષે, દુઃખો મનુજ-તિર્યંચમાં,
દેવેય [9]દુર્ભગતા લહે વિષયાવલંબી આતમા. ૨૩.

[10]તુષ દૂર કરતાં જે રીતે કંઈ [11]દ્રવ્ય નરનું ન જાય છે,
તપશીલવંત [12]સુકુશલ, [13]ખળ માફક, વિષયવિષને તજે. ૨૪.

---

૧. હીન = હીણા (અર્થાત્ કુલાદિ બાહ્ય સંપત્તિ અપેક્ષાએ હલકા).
૨. રૂપવિરૂપ = રૂપે વિરૂપ; રૂપ-અપેક્ષાએ કુરૂપ.
૩. માનુષ્ય = મનુષ્યપણું (અર્થાત્ મનુષ્યજીવન).
૪. સુજીવિત = સારી રીતે જિવાયેલું; પ્રશંસનીયપણે—સફળપણે જીવવામાં આવેલું. ૫. અરિ = વેરી; શત્રુ.
૬. શિવસોપાન = મોક્ષનું પગથિયું.
૭. વિષયલુબ્ધ તણું વિઘાતક = વિષયલુબ્ધ જીવોનો ઘાત કરનારું (અર્થાત્ તેમનું અત્યંત બૂરું કરનારું). ૮. સંસારકાંતારે = સંસારરૂપી મોટા ભયંકર વનમાં.
૯. દુર્ભગતા = દુર્ભાગ્ય. ૧૦. તુષ દૂર કરતાં = ધાન્યમાંથી ફોતરાં વગેરે કચરો કાઢી નાખતાં. ૧૧. દ્રવ્ય = વસ્તુ (અર્થાત્ ધાન્ય).
૧૨. સુકુશલ = કુશળ અર્થાત્ પ્રવીણ પુરુષ. ૧૩. ખળ = વસ્તુનો રસકસ વિનાનો નકામો ભાગ—કચરો; સત્ત્વ કાઢી લેતાં બાકી રહેતા કૂચા.

છે ભદ્ર, ગોળ, વિશાળ ને ખંડાત્મ અંગ શરીરમાં,
તે સર્વ હોય સુપ્રાપ્ત તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૨૫.

દુર્મતવિમોહિત વિષયલુબ્ધ જનો ઈતરજન સાથમાં
[૧]અરઘટ્ટિકાના ચક્ર જેમ પરિભ્રમે સંસારમાં. ૨૬.

જે કર્મગ્રંથિ વિષયરાગે બદ્ધ છે આત્મા વિષે,
તપચરણ-સંયમ-શીલથી સુકૃતાર્થ છેદે તેહને. ૨૭.

તપ-દાન-શીલ-સુવિનય—રત્નસમૂહ સહ, જલધિ સમો,
[૨]સોહંત [૩]જીવ સશીલ પામે શ્રેષ્ઠ શિવપદને અહો! ૨૮.

દેખાય છે શું મોક્ષ સ્ત્રી-પશુ-ગાય-ગર્દભ-શ્વાનનો?
જે [૪]તુર્યને સાધે, લહે છે મોક્ષ;—દેખો સૌ જનો. ૨૯.

જો મોક્ષ સાધિત હોત [૫]વિષયવિલુબ્ધ જ્ઞાનધરો વડે,
દશપૂર્વધર પણ સાત્યકિસુત કેમ પામત નરકને? ૩૦.

જો શીલ વિણ બસ જ્ઞાનથી કહી હોય શુદ્ધિ જ્ઞાનીએ,
દશપૂર્વધરનો ભાવ કેમ થયો નહીં નિર્મળ અરે? ૩૧.

[૬]વિષયે વિરક્ત કરે [૭]સુસહ અતિ-ઉગ્ર નારકવેદના
ને પામતા અર્હંતપદ;—વીરે કહ્યું જિનમાર્ગમાં. ૩૨.

[૮]અત્યક્ષ-શિવપદપ્રાપ્તિ આમ ઘણા પ્રકારે શીલથી
પ્રત્યક્ષદર્શનજ્ઞાનધર લોકજ્ઞ જિનદેવે કહી. ૩૩.

---

૧. અરઘટ્ટિકા = રેંટ. ૨. સોહંત = સોહતો; શોભતો.
૩. જીવ સશીલ = શીલસહિત જીવ; શીલવાન જીવ.
૪. તુર્યને = ચતુર્થને (અર્થાત્ મોક્ષરૂપ ચોથા પુરુષાર્થને).
૫. વિષયવિલુબ્ધ = વિષયલુબ્ધ; વિષયોના લોલુપ.
૬. વિષયે વિરક્ત = વિષયવિરક્ત જીવો.
૭. સુસહ = સહેલાઈથી સહન થાય એવી (અર્થાત્ હળવી).
૮. અત્યક્ષ = અતીંદ્રિય; ઈંદ્રિયાતીત.

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-તપ-વીર્યાચરણ આત્મા વિષે,
પવને સહિત [1]પાવક સમાન, [2]દહે [3]પુરાતન કર્મને. ૩૪.

[4]વિજિતેન્દ્રિ વિષયવિરક્ત થઈ, ધરીને વિનય-તપ-શીલને,
[5]ધીરા [6]દહી વસુ કર્મ, શિવગતિપ્રાપ્ત સિદ્ધપ્રભુ બને. ૩૫.

જે શ્રમણ કેરું જન્મતરુ લાવણ્ય-શીલસમૃદ્ધ છે,
તે શીલધર છે, છે મહાત્મા, લોકમાં ગુણ વિસ્તરે. ૩૬.

દૃગશુદ્ધિ, જ્ઞાન, સમાધિ, ધ્યાન સ્વશક્તિ-આશ્રિત હોય છે,
સમ્યક્ત્વથી જીવો લહે છે [7]બોધિને જિનશાસને. ૩૭.

જિનવચનનો ગ્રહી સાર, વિષયવિરક્ત ધીર તપોધનો,
કરી સ્નાન [8]શીલસલિલથી, સુખ સિદ્ધિનું પામે અહો! ૩૮.

[9]આરાધનાપરિણત સરવ ગુણથી કરે [10]કૃશ કર્મને,
સુખદુખરહિત [11]મનશુદ્ધ તે ક્ષેપે કરમરૂપ ધૂળને. ૩૯.

અર્હંતમાં શુભ ભક્તિ શ્રદ્ધાશુદ્ધિયુત સમ્યક્ત્વ છે,
ને શીલ વિષયવિરાગતા છે; જ્ઞાન બીજું કયું હવે? ૪૦.

---

૧. પાવક = અગ્નિ.
૨. દહે = બાળે.
૩. પુરાતન = જૂનાં.
૪. વિજિતેન્દ્રિ = જિતેન્દ્રિય.
૫. ધીરા = ધીર પુરુષો.
૬. દહી વસુ કર્મ = આઠ કર્મને બાળીને.
૭. બોધિ = રત્નત્રયપરિણતિ.
૮. શીલસલિલ = શીલરૂપી જળ.
૯. આરાધનાપરિણત = આરાધનારૂપે પરિણમેલા પુરુષો.
૧૦. કૃશ = નબળાં; પાતળાં; ક્ષીણ.
૧૧. મનશુદ્ધ = શુદ્ધ મનવાળા (અર્થાત્ શુદ્ધ પરિણતિવાળા).